સુશ્રી સરોજબેન બી. પટેલને બઢતીના તમામ લાભો સાથે વયનિવૃત્ત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૧૭૭૬/બ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગની તા.૨૬/૦૫/૨૦૨૦ની સમાન ક્રમાંકની અધિસૂચના.
2. સુશ્રી સરોજબેન બી. પટેલ, બાળ વિકાસ યોજના અધિકારી, દસક્રોઈ-૧ની તા.૨૯/૦૫/૨૦૨૦ ની રજૂઆત.

//હુકમ//

વંચાણે લીધેલ (૧)ની અધિસૂચનાથી સુશ્રી સરોજબેન બી. પટેલ, બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨), દસક્રોઈ-૧, જિ. અમદાવાદને પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧), જિલ્લા પંચાયત, અમદાવાદની ખાલી જગ્યા પર બઢતીથી નિમણૂક આપેલ હતી. પરંતુ કોવીડ-૧૯ની મહામારીના કારણે આંતરરાષ્ટ્રીય વિમાનસેવાઓ બંધ હોવાથી તેઓ ઓસ્ટ્રેલીયાથી પરત ન ફરી શકવાને કારણે બઢતીની જગ્યા પર હાજર થઈ શકેલ નથી. સુશ્રી પટેલ દ્વારા સિંગાપુર એરલાઈન્સની તા.૨૮/૦૪/૨૦૨૦ની ભારત પરત આવવાની ટિકીટ પણ લીધેલ હતી. પરંતુ ઓસ્ટ્રેલીયામાં લોકડાઉનની સ્થિતિને કારણે પરત ફરી શકાયું ન હતું. આ સિવાય ઈન્ડીયન હાઈકમિશનમાં વંદે ભારત મિશન અંતર્ગત સત્વરે અમદાવાદ પરત આવવા રજીસ્ટ્રેશન કરાવેલ છે. આમ ભારત પરત આવવાના તમામ પ્રયાસો કર્યા બાદ વંચાણે લીધેલ (૨)ના પત્રથી સુશ્રી પટેલે બઢતીના લાભ સાથે વયનિવૃત્ત કરવાની વિભાગને વિનંતી કરેલ છે.

કોવીડ-૧૯ની મહામારીના કારણે જો સુશ્રી સરોજબેન બી. પટેલ, બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ દસક્રોઈ-૧ વયનિવૃત્તિ તારીખ: ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં ઓસ્ટ્રેલીયાથી પરત ફરી શકે નહિ અને પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની બઢતીથી નિમણૂકવાળી જગ્યાએ હાજર થઈ શકે નહિ તો આવા અસામાન્ય સંજોગોને ધ્યાને લઈને સરકારશ્રીની સક્ષમ કક્ષાએ થયેલ નિર્ણય

અનુસાર સુશ્રી સરોજબેન બી. પટેલને બઢતીના તમામ લાભો સાથે પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકે વયનિવૃત્ત કરવાની ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સા.વ.વિ.ની તા.૦૮/૦૬/૨૦૨૦ અને સરકારશ્રીની તા.૧૦/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. માન. રા.ક મંત્રીશ્રી (મ.બા.ક) ના અગંત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
4. મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. અગ્રસચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
7. સેક્શન અધિકારીશ્રી (પી-શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદ – સુશ્રી સરોજબેન બી. પટેલને પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ના સંવર્ગમાં વયનિવૃત્ત કરવાની કાર્યવાહી કરવા સારૂં.
10. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ.
11. પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, અમદાવાદ.
12. સુશ્રી સરોજબેન બી. પટેલ, જિલ્લા પંચાયત, અમદાવાદ.
13. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
14. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. અમદાવાદ.
15. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
16. નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર.
17. સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર-વેબસાઇટ ઉપર મુકવા સારૂં.
18. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
19. શાખા સિલેકટ ફાઇલ.